# જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (વર્ગ-૩) સીધી ભરતી અંગેની જાહેરાત વર્ષ:૨૦૧૬-૧૭ (જાહેરાત ક્રમાંક ૧/૨૦૧૬-૧૭) અંગે અરજી ફોર્મ ભરવા માટે જરૂરી સૂચના અને માહિતી

## શૈક્ષણિક લાયકાત અને અનુભવ

મુખ્ય શિક્ષક (હેડ ટીચર) માટે શિક્ષણ વિભાગના જાહેરનામા નંબર:- જીએચ/એસેચ/૫૦/પીઆરઇ/૧૧૧૫/એસઆઇ/એફ/૧૧-કે, તા.૨૨/૦૯/૨૦૧૬ મુજબ શૈક્ષણિક/તાલીમી લાયકાત નીચે મુજબ છે.

(ક) શૈક્ષણિક લાયકાત: સ્નાતક (આર્ટસ અથવા કોમર્સ અથવા સાયન્સ)

(ખ) તાલીમી લાયકાત: પીટીસી (બે વર્ષ)

અથવા

એક વર્ષીય બી.એડ (સ્પેશીયલ એજ્યુકેશન)

અથવા

બી.એડ.

અથવા

પ્રારંભિક શિક્ષણમાં ચાર વર્ષની સ્નાતકની પદવી (B.EL..Ed)

અથવા

શિક્ષણમાં ચાર વર્ષની સ્નાતકની પદવી

(ગ) પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (હેડ ટીચર) માટે અભિયોગ્યતા કસોટી-HTAT -૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઇએ.

(ઘ) સરકારી અથવા સહાયક અનુદાન મેળવતી (ગ્રાન્ટ ઇન એઇડ) અથવા બિન સહાયિત (નોન ગ્રાન્ટ ઇન એઇડ) ખાનગી નિમ્ન (લોઅર) પ્રાથમિક શાળા અથવા ઉચ્ચ (હાયર) પ્રાથમિક શાળા અથવા માધ્યમિક શિક્ષણ શાળા અથવા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ શાળા અથવા પ્રાથમિક શિક્ષણ અધ્યાપન મંદિર અથવા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) માં શિક્ષક અથવા વિદ્યાસહાયક, શિક્ષણ સહાયક, અધ્યાપક સહાયક, જુનિયર લેક્ચરર, સિનિયર લેક્ચરર તરીકે શિક્ષણનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો સ્વતંત્ર અથવા સંયુક્ત અનુભવ.

અનુભવ બાબતે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ-૩/ક, તા.૧૬/૦૫/૨૦૧૨ ની જોગવાઇ મુજબ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અને રૂ.૫૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું રજૂ કરવાનું રહેશે. (પરિશિષ્ટ ૧,૨,૩,૪ મુજબ)

ઉપર્યુક્ત દર્શાવેલ લાયકાત માટે (૧) પી.ટી.સી. ની લાયકાત ધરાવતા ઉમેદવારોએ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા લેવાયેલે પી.ટી.સી. ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ. (૨) ઉમેદવારે પી.ટી.સી.અને બી.એડ્ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન (NCTE) દ્વારા માન્યતા મળેલ સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઇશે. (3) સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. દ્વારા માન્ય કરેલ યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવી જોઇએ.

<u>પગાર ધોરણ:</u> મુખ્ય શિક્ષક( હેડ ટીચર) ને પગાર ધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે રૂ.૪૨૦૦/- અથવા સરકાર દ્વારા જે તે જગ્યા માટે વખતો વખત નિયત કરેલ મળવાપાત્ર પગાર ધોરણમાં નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

<u>વયમર્યાદા:</u> તા.૦૩/૦૨/૨૦૧૭ના રોજ ઉમેદવારની ઉંમર ૪૨ વર્ષ કરતાં વધુ હોવી જોઇએ નહી.

<u>વયમર્યાદામાં છુટછાટ:</u>

- મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદા ૫ (પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- સામાન્ય વહીવટ વિભગના તા.૨૫/૦૫/૧૯૯૭ ના ઠરાવની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદા ૫ (પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- ૪૦ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદા ૧૦ (દસ) વર્ષની વધારાની છુટછાટ મળશે.
- માજી.સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભૂમિ આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા ૬ માસની સેવા કરી હોય અને માજી.સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખપત્ર/પ્રમાણપત્ર ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ૩ (ત્રણ) વર્ષ સુધીની છુટછાટ મળશે.
- ગુજરાત સિવિલ સર્વિસ ક્લાસીફિકેશન એન્ડ રીક્રુટમેન્ટ (જનરલ) રૂલ્સ ૧૯૬૭ મુજબ તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદા નિયમ અનુસાર મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર કોઇપણ સંજોગેમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.
- સરકારી કર્મચારીઓના સંદર્ભે ગુજરાત સિવિલ સર્વિસ ક્લાસિફિકેશન એન્ડ રીક્રુટમેન્ટ(જનરલ) રૂલ્સ ૧૯૬૭ ના નિયમ ૮ (૫) ની જોગવાઇઓ મુજબ ઠરાવેલ ઉપલી વયમર્યાદાઓ લાગુ પડશે નહી.

<u>સામાન્ય સુચનાઓ:</u>

(૧) અરજી ફોર્મ સાથે શૈક્ષણિક લાયકાતના જરૂરી તમામ વર્ષ/સેમેસ્ટરના ગુણપત્રકો અને ટ્રાયલ સર્ટીની એક પ્રામાણિત નકલ તથા અન્ય જરૂરી પ્રમાણપત્રોની એક પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે.વધુમાં, સ્વીકાર કેન્દ્ર ઉપર અરજી જમા કરાવતી વખતે જેની પ્રમાણિત નકલો અરજી સાથે રજૂ કરી છે તેના અસલ પ્રમાણપત્રો ખરાઇ કરવા માટે ફરજિયાતપણે રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી સ્વીકારવામાં આવશે નહી. જે પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરેલ હોય તો તમામ પ્રયત્નોના ગુણપત્રકની પ્રમાણિત નકલો અવશ્ય સામેલ રાખવાની રહેશે. અનુસ્નાતકના કિસ્સામાં ઉમેદવારોએ અનુસ્નાતકની પરીક્ષા પાસ કર્યાની માર્કશીટની પ્રમાણિત નકલ અવશ્ય સામેલ કરવી. એક કરતાં વધુ સ્નાતક/અનુસ્નાતક લાયકાત ધરાવતા ઉમેદવારે અરજીપત્રકમાં પોતે ઇચ્છે તે એક જ લાયકાત દર્શાવવાની રહેશે અને તે લાયકાતના આધારે જ ગુણ ગણતરીમાં લેવામાં આવશે. પીટીસી/બી.એડ્ની લાયકાત ધરાવતા ઉમેદવારે પોતે ઇચ્છે તે એક જ લાયકાત દર્શાવવાની રહેશે. અરજીપત્રકમાં દર્શાવેલ લાયકાત જ માન્ય રહેશે. તેમાં કોઇ ફેરફાર થઇ શકશે નહી.

(૨) અરજીપત્રક સાથે અનુભવ માટે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક; પીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ-૩/ક, તા.૧૬/૦૫/૨૦૧૨ ની જોગવાઇ (૨) ક,ખ,ગ અને ઘ માં દર્શાવેલ સક્ષમ અધિકારીના સહી-સિક્કાવાળા પ્રામાણિત પુરાવા જ ધ્યાને લેવાશે.

(૩) પરિશિષ્ટમાં દર્શાવેલ અનુભવના તમામ પુરાવાઓ અરજીપત્રક સાથે રજૂ કરવાના રહેશે. ત્યારબાદ કોઇ પુરાવા સામેલ કરી શકાશે નહી. અધુરી વિગતો ધરાવતા અરજીપત્રકો અમાન્ય ગણાશે.

(૪) શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ તથા અન્ય પ્રમાણપત્રો માટે તા.૦૩/૦૨/૨૦૧૭ (CUT-OFF DATE) ધ્યાને લેવાશે. આ CUT –OFF DATE બાદ મેળવેલ કોઇપણ પ્રમાણપત્રો, શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે નહી.

(૫) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના જાહેરનામા નં.જીએચ/એસએચ/૦૨/પીઆરઇ/૧૧-૨૦૧૬/એસએફ-૬/કે, તા.૨૦/૦૧/૨૦૧૭ પસંદગી પ્રક્રિયાના નિયમો અન્વયે કોઇપણ ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અથવા વ્યવસાયિક લાયકાતની અંતિમ પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પસાર કરેલ હોય તો,

એ. જો ઉમેદવાર પ્રથમ અથવા બીજા પ્રયત્ને અથવા કોઇપણ પ્રયત્ને નાપાસ થયેલ હોય અને જ્યારે છેલ્લે જે પરીક્ષા આપી હોય તેમાં બધા જ વિષયોની પરીક્ષા આપી હોય અને પાસ થયેલ હોય તો તેનો એક જ પ્રયત્ન ગણવો અને કુલ ગુણમાંથી મેળવેલ ગુણ અને ટકાને ધ્યાનમાં લેવાના રહેશે.

બી. જો ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને અંતિમ ડીગ્રી પરીક્ષા પાસ કરી હોય અને વિષય મુક્તિ મેળવેલ હોય તે દરેક પ્રયત્નના કુલ ગુણનો સરવાળો અને તેમણે મેળવેલ ગુણમાંથી ટકાવારી કાઢી જે તે ટકાને ધ્યાને લઇ મેરીટ નક્કી કરવામાં આવશે.

સી. જો કોઇ ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સિટી દ્વારા આંતરિક મૂલ્યાંકન અને પ્રેક્ટીકલની પરીક્ષા ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરિક મૂલ્યાંકન અથવા પ્રાયોગિક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાના પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા મૂલ્યાંકનના ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતાં ફક્ત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલાં જ વિષયના કુલ ગુણ અને મેળવેલ અને પ્રથમ વખતે મેળવેલ આંતરિક ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.

(૬) જે ઉમેદવારે સ્નાતક-પીટીસી/બી.એડ્ની લાયકાત જે સંસ્થામાંથી મેળવેલી હોય તેમણે જે તે તમામ સંસ્થાના પરીક્ષા પાસ કર્યાના પ્રયત્ન અંગેના દાખલા અવશ્ય સામેલ કરવાના રહેશે.

(૭) અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રામાણિત નકલ સામેલ કરવી.

(૮) સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તેઓનો " ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી" તે મતલબનું તા.૩૧/૦૩/૨૦૧૬ ના રોજ પુરા થતાં નાંણાકીય વર્ષ: ૨૦૧૫-૧૬નું તા.૦૧/૦૪/૨૦૧૬ કે તે પછી ઇસ્યુ થયેલ સક્ષમ અધિકારીનું નિયત નમૂનામાં મેળવેલ પ્રમાણપત્રની પ્રામાણિત નકલ અરજી સાથે રજૂ કરવાની રહેશે. પાછળથી રજૂ કરેલ પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૯) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ તે અંગેના સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રામાણિત નકલ રજૂ કરવાની રહેશે. શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો સ્વતંત્ર રીતે વર્ગ શિક્ષણ કાર્ય કરી શકવા સક્ષમ હોવા જોઇએ.

(૧૦) માજી સૈનિક ઉમેદવારોએ માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૧૧) ઉમેદવારે જે સંસ્થામાંથી પી.ટી.સી./બી.એડ્ની તાલીમ મેળવી હોય તે સંસ્થાને એન.સી.ટી.ઇ ભોપાલની માન્યતા મળેલ છે તે મતલબનું પ્રમાણપત્ર ( માન્યતા નંબર, તારીખ સહિત) ઉમેદવારે સંબંધિત સંસ્થા પાસેથી મેળવીને રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર રજૂ ન કરનાર ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.

(૧૨) બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી ૨૦૦/- (અંકે રૂપિયા બસ્સો પુરા) તથા અનુ.જાતિ, અનુ.જનજાતિ,સા.શૈ.પછાત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) રહેશે.જે ઉમેદવારે સ્વીકાર કેન્દ્ર પર રોકડેથી ભરવાના રહેશે.

(૧૩) અરજી પત્રકમાં નિયત જગ્યાએ અરજદારે સહી કરવી. આ અરજી પત્રક રાજ્યના નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરૂરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી, નિયત ફી ભરી, Final Submit કરાવવું. Final Submit થયા સિવાયનું કોઇપણ અરજીપત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. ઉમેદવારે ફી ભર્યાની સહી કરેલ પહોંચ અવશ્ય મેળવી લેવી.

(૧૪) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:સીએચ/એસએચ/પીઆરઇ-૧૧૨૦૧૦/એસએફ/૩૪/કે, તા.૨૦/૧૦/૨૦૧૬ અન્વયે હલન-ચલનની ખામી ધરાવતા (OA, OL, OAL) અને અલ્પદ્રષ્ટિ (LV) ની ખામી ધરાવતા ઉમેદવારોને વિદ્યાસહાયકની ફરજોને અનુરૂપ ગણેલ છે.ઓછી દ્રષ્ટિ એ મોડરટ કક્ષાની ( એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ અને ૧૦૦ ટકા સુધી) અશક્તતાવાળા ઉમેદવારો લાયક ગણાશે.

(૧૫) મુખ્ય શિક્ષક (હેડ ટીચર )ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતો-વખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ મુખ્ય શિક્ષક (હેડ ટીચર ) ભરતી અંગેની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સતત વેબસાઇટ જોતા રહેવું.

(૧૬) સમગ્ર ભરતી સંબંધી સુચના જરૂર પડ્યે જે તે સમયે એસ.એમ.એસ.થી આપવામાં આવશે. આથી અરજી પત્રકમાં તમારો મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો.અને તે નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો જરૂરી છે.

(૧૭) ઉમેદવારે તેમના અરજી પત્રકમાં તેમનું ઇ-મેઇલ એડ્રેસ દર્શાવવાનું રહેશે. જેથી અનિવાર્ય સંજોગોમાં જરૂર પડ્યે ઉમેદવારને માહિતી/સુચના મોકલી શકાય.ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી ઇ-મેઇલ જોતા રહેવું.

(૧૮) ઉમેદવાર પોતે આખરી પસંદગીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી.

(૧૯) મુખ્ય શિક્ષક (હેડ ટીચર )ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતો ને આધિન રહેશે.

(૨૦) મુખ્ય શિક્ષક (હેડ ટીચર )ભરતીની પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા જણાશે તો તેમ કરવાનો ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ/પ્રાથમિક શિક્ષણ નિયામકને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી ફી પરત મળવાપાત્ર રહેશે નહી.

(૨૧) ઉમેદવારે ફી ભરી જિલ્લા સ્વીકાર કેન્દ્રમાં જમા કરાવેલ અરજીપત્રની ઝેરોક્ષ નકલ અને ફી ભર્યાની પાવતી પોતાની પાસે સાચવી રાખવાની રહેશે.

(૨૨) ફાઇનલ મેરીટ પ્રસિધ્ધ કરવામાં આવે ત્યારે ઉમેદવારે પોતાનું મેરીટ જોઇ તેની એક પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

(૨૩) ભરતી સંદર્ભે અથવા મેરીટ સંદર્ભે કોઇ પણ રજૂઆત કરવાની થાય ત્યારે રજૂઆત સાથે અરજીપત્રની નકલ, ફી ભર્યાની પાવતીની નકલ તથા ઉમેદવારનો મેરીટ નંબર અને મેરીટની નકલ અવશ્ય સામેલ કરવાની રહેશે.

(૨૪) ભરતી સબંધિત જરૂરી ઠરાવો, માહિતી અને સુચનાઓ વેબસાઇટ ઉપર જોવા મળશે.

તા.૨૨/૦૧/૨૦૧૭
સ્થળ:-ગાંધીનગર
જાહેરાત ક્રમાંક.મુશિભ:૦૧/૨૦૧૬-૧૭

એમ.આઇ.જોષી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ
અને પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.